રાજયની જિલ્લા પંચાયતો/ તાલુકા પંચાયતો/ ગ્રામ પંચાયતોમાં સફાઇ કામદારો મારફતે ભૂગર્ભ ગટરની સફાઇની કામગીરી કરાવવા પર પ્રતિબંધ મુકવા અને સફાઇ કામદારોના અપમૃત્યુ-અકસ્માત રોકવા અંગે જરૂરી માર્ગદર્શક સુચનાઓ આપવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.
પરિપત્ર ક્રમાંક – પરચ-૧૦૨૦૧૯-૫૧૧/લ,
સચિવાલય, ગાંધીનગર.
તા.-૧૧/૦૭/૨૦૧૯

વંચાણે લીધાઃ-

(૧) રીટ પીટીશન(સીવીલ) ક્રમાંકઃ ૫૮૩/૨૦૦૩ સંદર્ભમાં નામ. સુપ્રિમ કોર્ટનો તા.૨૭/૦૩/૨૦૧૪ નો ચુકાદો.

(૨) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૨૧/૦૬/૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃ- ટીસીએસ/ ૧૦૨૦૧૪/ ૭૦૩૨૨/લ

(૩) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૧૦/૧૦/૨૦૧૪નો પરિપત્ર ક્રમાંકઃ- ટીએસસી/ ૧૦૨૦૧૪/ ૭૦૩૨૨/લ

(૪) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિમાર્ણ વિભાગનો તા.૧૦/૦૫/૨૦૧૯નો પરિપત્ર ક્રમાંકઃ- ઇએસટી/ ૧૩૨૦૦૧/ ૩૫૮૪/આર,

(૫) સંયુકત સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૮/૦૬/૨૦૧૯નો પત્ર ક્રમાંક અજાક/૧૦૨૦૧૯/GOI-47/ગ

(૬) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરના તા.૨૧/૦૬/૨૦૧૯ના ત્રણ અલગ-અલગ પત્રો

પરિપત્ર :-

કેન્દ્ર સરકાર દ્વારા મેન્યુઅલ સ્કેવેન્જર્સની પ્રથા નાબુદ કરવા સંદર્ભે The Prohibition of Employment as Scavengers and Rehabilitant Act, 2013' તા.૧૯-૦૯-૨૦૧૩થી અને તે હેઠળના The Prohibition Employment as Manual Scavengers and their Rehabilitation Rules 2013' તા.૧૨-૧૨-૨૦૧૩ થી સમગ્ર દેશમાં અમલમાં મુકવામાં આવેલ છે. ઉકત અધિનિયમ અને નિયમોની જોગવાઇઓ મુજબ રાજયની તમામ શહેરી અને ગ્રામ્ય સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ભૂગર્ભ ગટરોની સફાઇની કામગીરી માટે સફાઇ કામદાર/વ્યકિતને ભગર્ભ ગટરમાં ઉતારવા માટે મનાઇ ફરમાવવામાં આવેલ છે. વધુમાં, ઉપર્યુકત વંચાણે લીધેલ ક્રમ (૧) ઉપરના નામ,સુપ્રિમ કોર્ટના તા.૨૭-૦૩-૨૦૧૪ના ચુકાદાથી ભૂગર્ભ ગટરની સફાઇની કામગીરી

અંગે તેમજ સફાઇ કામદારો અને તેમના કુંટુબીજનો માટેની મદદ/સહાય અંગેના પગલાં લેવા માટેના આદેશો આપવામાં આવેલ છે.

૨. કેન્દ્ર સરકાર ધ્વારા અમલી બનાવવામાં આવેલ ઉકત અધિનિયમ અને તે હેઠળના નિયમો તેમજ નામ.સુપ્રિમ કોર્ટના ચુકાદાને ધ્યાને લઇને રાજય સરકારે રાજયમાં આવેલ તમામ જિલ્લા પંચાયતો/તાલુકા પંચાયતો અને ગ્રામ પંચાયતોના વિસ્તારમાં ભૂગર્ભ ગટરોની સફાઇની કામગીરી માટે કામદાર/ વ્યકિતને ગટરમાં ઉતરવા/ઉતારવાની સંપૂર્ણપણે મનાઇ ફરમાવવા ઉપરાંત ડ્રેનેજ સફાઇ અંગે માર્ગદર્શક સુચનાઓ પંચાયત વિભાગના ઉપર્યુકત વંચાણે લીધેલ ક્રમ (૨) ઉપરના તા.૨૧-૦૬-૨૦૧૪ના ઠરાવથી આપવામાં આવી છે. તેમ છતાં, ઉકત સૂચનાઓનું જિલ્લા પંચાયતો/ તાલુકા પંચાયતો અને ગ્રામ પંચાયતો ધ્વારા ચૂસ્તપણે પાલન નહિ થવાને લીધે ગ્રામ્ય વિસ્તારોમાં ડ્રેનેજ સફાઇની કામગીરી દરમિયાન સફાઇ કામદાર/વ્યકિતના અપમૃત્યુ થવાના અનિચ્છનીય બનાવો ધ્યાને આવેલ છે. જે ખુબ જ ગંભીર બાબત છે.

૩. આથી વિભાગના ઉપર્યુકત વંચાણે લીધેલ ક્રમ (૨) ઉપરના તા.૨૧-૦૬-૨૦૧૪ના ઠરાવ (નકલ સામેલ છે) થી આપવામાં આવેલ સૂચનાઓ ઉપરાંત નીચે મુજબની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવા તમામ જિલ્લા પંચાયતો/ તાલુકા પંચાયતો અને ગ્રામ પંચાયતો તથા પંચાયત વિભાગ હેઠળની તમામ ખાતાના વડાની કચેરીઓને જણાવવામાં આવે છે.

(૧) તમામ જિલ્લા પંચાયતો/ તાલુકા પંચાયતો અને ગ્રામ પંચાયતોમાં ભૂગર્ભ ગટરની સફાઇ કામદાર/વ્યકિતને ભૂગર્ભ ગટરમાં ઉતારવામાં ન આવે તે સુનિશ્વિત કરવા માટે તમામ જિલ્લા પંચાયત કચેરીએ વર્ગ-૨ થી નીચેના નહીં તેવા અધિકારીની નોડલ અધિકારી તરીકે નિમણૂંક કરવાની રહેશે તેમજ તેની જાણ અત્રે તથા વિકાસ કમિશ્નરશ્રીની કચેરીને કરવાની રહેશે.

(૨) નોડલ અધિકારી તરીકે નિમાયેલ અધિકારીએ તેમના વિસ્તારમાં ભૂગર્ભ ગટરની સફાઇની કામગીરી ઉકત જોગવાઇ અનુસાર થાય તેની દેખરેખ અને કાળજી લેવા માટે આ કામગીરી સાથે સંકળાયેલ તેમની કચેરીના અધિકારી /કર્મચારીને અધિકૃત કરવાના રહેશે. વધુમાં અધિકૃત કરાયેલ અધિકારી/કર્મચારીની ફરજ પરની ગેરહાજરી દરમિયાન આ કામગીરી કરવા માટેની વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

(૩) જિલ્લા પંચાયતો / તાલુકા પંચાયતો અને ગ્રામ પંચાયતોમાં ભૂગર્ભ ગટરની સફાઇની કામગીરી જો આઉટ સોર્સીંગથી કરવામાં આવતી હોય તો, તે માટે નકકી કરેલ એજન્સીને બીલનું ચુકવણુ કરતા પહેલા ઉપરોકત અધિકૃત કરાયેલ અધિકારી/કર્મચારીની ઉપસ્થિતિમા આવશ્યક સાવચેતીના પગલાં લઇને નિયમોનુસાર ભૂગર્ભ ગટરની સફાઇની કામગીરી થયેલ છે તે મુજબ અધિકૃત અધિકારી/કર્મચારી મારફત પ્રમાણિત કરાવવાનું રહેશે.

(૪) The Prohibition of Employment as Scavengers and Rehabilitant Act, 2013' અને તે હેઠળના The Prohibition Employment Manual Scavengers and their Prohibition Rules 2013' ની જોગવાઇઓ મુજબ જિલ્લા પંચાયતો / તાલુકા પંચાયતો અને ગ્રામ પંચાયતોમાં ભૂગર્ભ ગટરની સફાઇની કામગીરી માટે સફાઇ કામદારની ભૂગર્ભ ગટરમાં ઉતરવા/ઉતારવાની સંપૂર્ણપણે મનાઇ ફરમાવવામાં આવેલ છે. અને આ પ્રકારે ભૂગર્ભ ગટરમાં ઉતરવું કે કોઇને ઉતારવા માટે ફરજ પાડવાને ગેરકાયદેસર કૃત્ય ગણવામાં આવે છે. આથી આ સૂચનાઓનું ઉલ્લંઘન થયેથી જિલ્લા પંચાયતો / તાલુકા પંચાયતો અને ગ્રામ પંચાયતો માટે આ હેતુસર અધિકૃત કરાયેલ અધિકારી/કર્મચારીઅને નોડલ ઓફીસર તેમજ જો આવી સેવાઓઆઉટ સોસિંગથી લેવાયેલ હશે તેવા કેસમાં ઉકત અધિકારીઓ/કર્મચારીઓ ઉપરાંત, સંબંધિત કોન્ટ્રાકટર સામે ફોજદારી રાહે પગલાં લેવાના રહેશે. અને આવા ઘટિત કેસનો તમામ આધારપુરાવા સહ વિગતવાર અહેવાલ વિભાગને તથા વિકાસ કમિશ્નરશ્રીને કચેરીને તાત્કાલિક કાર્યવાહી કરીને મોકલી આપવાનો રહેશે.

(૫) જિલ્લા પંચાયતો / તાલુકા પંચાયતો અને ગ્રામ પંચાયતોમાં આવેલ તમામ ખાનગી સોસાયટીઓ/ સંસ્થાઓ (જેવી કે, હોટલ, રેસ્ટોરાં, હોસ્પીટલ, પેઢીઓ, કારખાના વગેરે)એ ભૂગર્ભ ગટરની સફાઇ માટે કેન્દ્ર સરકાર ધ્વારા અમલમાં મુકવામાં આવેલ ઉકત અધિનિયમ અને તે હેઠળના નિયમો તેમજ નામ.સુપ્રીમ કોર્ટે તા.૨૭-૦૩-૨૦૧૪ના ચુકાદાથી આપેલ આદેશોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આ અંગે જિલ્લા પંચાયતો / તાલુકા પંચાયતો અને ગ્રામ પંચાયતોએ ઉકત જોગવાઇઓ અને સૂચનાઓથી સંબધિતોને વાકેફ કરવા માટે સમયાંતરે બહોળી પ્રસિધ્ધિ આપવાની રહેશે. ઉકત જોગવાઇઓ/સુચનાઓનું ખાનગી સોસાયટીઓ/સંસ્થાઓ ધ્વારા ઉલ્લંઘન થયેથી તેમના હોદેદારો/માલિકો સામે ફોજદારી રાહે પગલાં ભરવાના રહેશે. અને નામ.સુપ્રીમ કોર્ટના ઉકત ચુકાદાથી આપવામાં આવેલ આદેશો મુજબ ચૂકવવા પાત્ર વળતરની સંપૂર્ણ રકમ સંબંધિત હોદેદારો/માલિકોએ ભોગવાની રહેશે.

(૬) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઉપર્યુકત વંચાણે લીધેલ ક્રમ (૨) પરના તા. ૨૧-૦૬-૨૦૧૪ ના ઠરાવની જોગવાઇઓ મુજબ ચોમાસુ પૂર્ણ થાય કે તરત જ તેના ત્રણ માસ (ઓકટોબર/નવેમ્બર/ડીસેમ્બર)માં ભૂગર્ભ ગટરોની ડીસિલ્ટીંગની કામગીરી પૂર્ણ કરવાની રહે છે. સાથોસાથ ચોમાસુ શરૂ થાય તે પહેલાં પણ આ કામગીરી અચૂકપણે પૂર્ણ કરીને તે અંગેનું પ્રમાણપત્ર વિકાસ કમિશ્નરશ્રીની કચેરીને મોકલી આપવાનું રહેશે.

(૭) ઉકત તા.૨૧-૦૬-૨૦૧૪ ના ઠરાવના ફકરા ક્રમાંકઃ ૧૦ મુજબ મેન હોલ ભરાય ન જાય અને ડ્રેનેજ લાઇન ચોકઅપ ન થાય તે માટેના પગલાં લેવા અંગેની વિસ્તૃત માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવેલ છે. તેમાં ભૂગર્ભ ગટરની સફાઇની કામગીરી માટેના સાધનો વસાવવા માટેની સૂચનાઓ આમે જ કરવામાં આવેલ છે. તમામ જિલ્લા પંચાયતો / તાલુકા પંચાયતો અને ગ્રામ પંચાયતોમાં ભૂગર્ભ ગટરની સફાઇ માટેના ઉપલબ્ધ

સાધોનોની નોડલ અધિકારી મારફત ભૌતિક ચકાસણી કરાવીને તેની યાદી આ વિભાગને અને વિકાસ કમિશ્નરશ્રીની કચેરીને યાદી દિન- ૨૧ માં મોકલી આપવાની રહેશે.

(૮) ભારત સરકાર ધ્વારા પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, ૨૦૧૬ અમલમાં મુકવામાં આવેલ છે. અનુભવે એવું જાણવા મળેલ છે કે, પ્લાસ્ટિક વેસ્ટના કારણે ભૂગર્ભ ગટરો ચોકઅપ થઇ જવાના બનાવો પામે છે. જેથી આવી પરિસ્થિતિનું નિર્માણ થતું અટકાવવા માટે ઉક્ત નિયમોની જોગવાઇનું ચુસ્તપણે પાલન કરવા સંબંધિત સર્વેને આથી જણાવવામાં આવે છે.

(૯) પંચાયત વિભાગ દ્વારા રૂર્બન યોજના હેઠળ રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં પ્રથમ તબક્કે ૭૯-ગામોમાં હાલ ભૂગર્ભ ગટર યોજનાઓની કામગીરી હાથ ધરવામાં આવેલ છે અને ભવિષ્યમાં આ યોજના હેઠળ બીજા તબક્કામાં ૧૭૧-ગામોમાં ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી હાથ ધરવામાં આવશે. આથી, રૂર્બન યોજના હેઠળ સમાવિષ્ટ આ તમામ ગામોમાં અમલ મુકવામાં આવેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરીમાં વિભાગના તા.૨૧/૬/૨૦૧૪ ના ઠરાવ અને આ પરિપત્રથી આપવામાં આવેલ તમામ સુચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે માટે તમામ સબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ અને વિકાસ કમિશ્નરશ્રીની કચેરીએ અંગત ધ્યાન આપવાનું રહેશે.

(૧૦) ગટર/સેપ્ટીક ટેંકની સફાઈની કામગીરી માટે સફાઈ કામદારને ગટરમાં ઉતારતાં ઝેરી ગેસ ગળતરથી ગુંગળામણને કારણે સફાઈ કામદારનું મૃત્યુ થાય છે. જે ગટરમાં ઉત્પન્ન થતાં ઝેરી ગેસનાં નિકાલ અંગેની જરૂરી વ્યવસ્થાનાં અભાવે બનવા પામે છે. આથી, ગટર/સેપ્ટીક ટેંકમાં ઉત્પન્ન થતાં ઝેરી વાયુના નિકાલ અંગેની ચોક્કસ વ્યવસ્થા કરવા જનરલ ડેવલોપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન (જી.ડી.સી.આર.) માં આ અંગેની ખાસ જોગવાઈ કરવી જોઈએ. તે જ રીતે પંચાયત વિભાગ હેઠળના ગ્રામ્ય વિસ્તારોમાં પણ જેતે સત્તાધિકારીએ મંજુરી આપતી વખતે આ બાબત ધ્યાને લેવી જોઈએ અને વિકાસ કમિશ્નરશ્રીની કચેરીએ જનરલ ડેવલોપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન (જી.ડી.સી.આર.) માં આ અંગેની ખાસ જોગવાઈ દાખલ કરવા માટે તમામ પ્રકારની ચકાસણી કરીને આધાર-પુરાવા અને સ્પષ્ટ અભિપ્રાય સાથેની દરખાસ્ત પંચાયત વિભાગને મંજુરી માટે મોકલી આપવી.

(૧૧) મહાનગરપાલિકા/નગરપાલિકા વિસ્તારમાં ગટરની સફાઈ માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે જે માટેના વાહનો/મશીનો જે તે મહાનગરપાલિકા /નગરપાલિકાઓ પાસે ઉપલબ્ધ હોય છે. આથી દરેક મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારની આજુબાજુના દસથી પંદર ગામોમાં ગટર સફાઈની કામગીરી માટે આવા મશીનો ઉપયોગ કરી શકાય તે માટે જે તે મહાનગરપાલિકા/નગરપાલિકા દ્વારા આવા મશીનો જિલ્લા પંચાયતો / તાલુકા પંચાયતો અને ગ્રામ પંચાયતોમાં ઉપલબ્ધ કરાવવામાં આવે અને જે તે ગામોને જરૂર પડ્યે ઉપયોગ માટે આપવામાં આવે તે માટે વિકાસ કમિશ્નરશ્રીની કચેરીએ અને તમામ જિલ્લા પંચાયત કચેરીએ આ વિભાગના સંકલનમાં રહીને શહેરી વિકાસ અને શહેરી ગ્રામ ગૃહ નિર્માણ

વિભાગ સાથે આ બાબતનું આયોજન કરવાનું રહેશે. જેથી અદ્યતન ટેકનોલોજી અને વાહનો/મશીનોનો રાજ્યના ગ્રામ્ય વિસ્તારને પણ લાભ મળી શકે. તે જ રીતે રૂર્બન યોજનામાં સમાવિષ્ટ ગામો/ વિસ્તારોમાં પણ આ પ્રકારની કામગીરી માટેનું આયોજન કરવાનું રહેશે.

(૧૨) પંચાયત વિભાગના વંચાણે લીધેલ ક્રમ : (૩) મુજબના પરિપત્રથી "ધી પ્રોહીબેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન એક્ટ તથા તે હેઠળ બનેલા નિયમો-૨૦૧૩" અન્વયે જિલ્લા/તાલુકા કક્ષાની તકેદારી સમિતિની રચના, તેના કાર્યો, ફરજો અને સત્તા બાબતે સુચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે. (નકલ સામેલ છે.) આ પરિપત્રની તમામ સુચનાઓ મુજબ તમામ જિલ્લા પંચાયત કચેરીઓએ તાત્કાલિક કાર્યવાહી કરવાની રહેશે અને કરેલ કાર્યવાહીની તમામ વિગતો વિકાસ કમિશ્નરશ્રીની કચેરી મારફતે વિભાગને મોકલી આપવાની રહેશે. આ પરિપત્રની તમામ સુચનાઓ મુજબ કાર્યવાહી તાત્કાલિક ધોરણે કરવા માટે વિકાસ કમિશ્નરશ્રીની કચેરીએ તમામ જિલ્લા પંચાયત કચેરીને સ્પષ્ટ સુચનાઓ આપવાની રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રી હુકમથી અને તેમના નામે

(ભરત ડામોર)
ઉપ સચિવ(ગૃ.નિ.)
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) અગ્ર સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન. નાયબ મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૩) અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(પંચાયત) સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૪) અધિક મુખ્યસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) અગ્રસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૬) સચિવ-વ- કમિશનરશ્રી, ગ્રામ વિકાસ કમિશનરશ્રીની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૭) વિકાસ કમિશનરશ્રી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૮) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૯) મેનેજિંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, સેક્ટર-૧૦/એ, કર્મયોગી ભવન, ગાંધીનગર.

(૧૦) ઉપ સચિવશ્રી(ગ્રામ વિકાસ), પંચાયત ગ્રા.ગૃ.નિ.વિ, સચિવાલય, ગાંધીનગર.

(૧૧) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, ગુજરાત રાજ્ય

(૧૨) સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ, ગુજરાત રાજ્ય

(૧૩) સર્વે સરપંચશ્રીઓ/ સર્વે તલાટી-કમ-મંત્રી, તમામ ગ્રામ પંચાયત (તાલુકા વિકાસ અધિકારીશ્રી મારફત)

(૧૪) સેકશન અધિકારીશ્રી, ચ-શાખા, પંચાયત ગ્રા.ગૃ.નિ.વિ, સચિવાલય, ગાંધીનગર.

(૧૫) નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ

(૧૬) શાખા સિલેક્ટ ફાઈલ

3/

**ગુજરાત રાજયની તમામ જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો તથા ગ્રામ પંચાયતોમાં સફાઈ કામદારો મારફત ભૂગર્ભ ગટરની સફાઈની કામગીરી કરાવવા પર પ્રતિબંધ મૂકવા અને સફાઈ કામદારોના અપમૃત્યુ–અકસ્માત રોકવા અંગે જરૂરી માર્ગદર્શક સૂચનાઓ આપવા બાબત**

ગુજરાત સરકાર
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : ટીએસસી/૧૦૨૦૧૪/૭૦૩૨૨/લ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૧/૦૬/૨૦૧૪

**વંચાણે લીધા :**

(૧) ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન એક્ટ–૨૦૧૩, તા.૧૯/૯/૨૦૧૩ તથા ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહબીલીટેશન રૂલ્સ–૨૦૧૩, તા.૧૨/૧૨/૨૦૧૩

(૨) મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે મળેલ તા.૩/૨/૨૦૧૪ ની સમીક્ષા બેઠકની કાર્યવાહી નોંધ

**ઠરાવ :–**

સને ૨૦૧૧ ની વસ્તી ગણતરીમાં સમગ્ર દેશમાં ૬.૨૯ લાખ અસ્વચ્છ શૌચાલયો અને ગુજરાતમાં ૩૨,૬૯૦ અસ્વચ્છ શૌચાલયો હોવાનું જણાયેલ છે. આ બાબત ધ્યાને લઈ ભારત સરકાર ધ્વારા મેન્યુઅલ સ્કેવેન્જર્સ એક્ટ–૧૯૯૩ ને રદ કરી, મેન્યુઅલ સ્કેવેન્જર્સની પ્રથા જડમૂળથી નાબૂદ કરવા વધુ અસરકારક જોગવાઈઓ સાથે વંચાણે લીધેલ (૧)" **ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહબીલીટેશન એક્ટ–૨૦૧૩, તા.૧૯/૯/૨૦૧૩ તથા ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન રૂલ્સ–૨૦૧૩, તા.૧૨/૧૨/૨૦૧૩** " નવો કાયદો અને નિયમો બનાવેલ છે જેના અસરકારક અમલીકરણ માટે રાજ્ય સરકારે જુદા જુદા વિભાગો/ખાતાઓના વડાઓની મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષતામાં તા.૩/૨/૨૦૧૪ ના રોજ રીવ્યુ બેઠક રાખવામાં આવેલ હતી. આ બેઠકમાં લેવામાં આવેલ નિર્ણયો અનુસાર નીચે મુજબની કાર્યવાહી કરવા માટે પુખ્ત વિચારણા અંતે ઠરાવવામાં આવે છે :

(૧) રાજયમાં આવેલ તમામ જિલ્લા પંચાયતો / તાલુકા પંચાયતો તથા ગ્રામ પંચાયતોમાં આવેલ ભૂગર્ભ ગટરોની સફાઈની કામગીરી માટે માણસ(કામદાર) ને ભૂગર્ભ ગટરમાં ઉતરવા / ઉતારવાની સંપૂર્ણપણે મનાઈ કરવામાં આવે છે. આ પ્રકારે ભૂગર્ભ ગટરમાં ઉતરવું કે કોઈને ઉતારવા માટે ફરજ પાડવાને ગેરકાયદેસર કૃત્ય ગણવામાં આવે છે. આ તમામ સંસ્થાઓએ ભૂગર્ભ ગટરની તેમજ ખાળકૂવાની સફાઈની કામગીરી માટે યાંત્રિક સાધનોનો જ ફરજિયાતપણે ઉપયોગ કરવા તેમજ પોતાના બાંધકામના નિયમોમાં આ અંગે જરૂરી સુધારો

કરવા સંબંધિત સર્વેને આથી જણાવવામાં આવે છે. ઉકત સૂચનાઓનું ચુસ્તપણે અમલીકરણ થાય તે જોવાની અંગત જવાબદારી સંબંધિત જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી તેમજ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીશ્રીની રહેશે.

(૨) ઉપરની સૂચનાઓનું જયારે પણ ઉલ્લંઘન થાય ત્યારે જવાબદાર તમામ સામે ફોજદારી ગુનો દાખલ કરવાનો રહેશે.

(૩) ડ્રેનેજ સફાઈ વખતે નીચે મુજબના સાધનો ફરિજયાતપણે ઉપલબ્ધ રાખવાની જોગવાઈ કોન્ટ્રાકટના દસ્તાવેજમાં કરવી અને તેનો ચુસ્તપણે અમલ થાય તે સુનિશ્ચિત કરવું.

- (૧) જેટિંગ મશીન અને ગલી એમ્પ્ટીયર (ડ્રેનેજ લાઈન અને મેનહોલના સ્પેસીફીકેશન મુજબ
- (૨) સળીયા (૯૦ નંગ), વાંકિયું (૩ નંગ), પાટા, જરૂરી પાનાનો સેટ
- (૩) મોટી ટોર્ચ
- (૪) ઓકિસજન માસ્ક સિલિન્ડર સાથે (૨ નંગ)
- (૫) ગ્રેબ બકેટ (મેન્યુઅલ) (૪ નંગ)
- (૬) હાઈડ્રોલિક ગ્રેબ બકેટ પેડલ રિક્ષા સાથે (૨ નંગ)
- (૭) ૫ એચ.પી. ફાઈટર (૩ નંગ)
- (૮) કપૂરની ગોટી, સાબુ
- (૯) સીલ્ટ ઉપાડીને લઈ જવાની રીક્ષા / ટ્રેકટર / ડમ્પર
- (૧૦) લીટમસ પેપર
- (૧૧) જિલ્લા / તાલુકા ગ્રામ પંચાયતને જરૂરી સમજતી હોય તેવા અન્ય જરૂરિયાતના યાંત્રિક સાધનો / વસ્તુઓ

(૪) યાંત્રિક સાધનો ધ્વારા ભૂગર્ભ ગટરની સફાઈ માટે ફરજિયાતપણે ટ્રેઈન્ડ લેબરનો આગ્રહ રાખવો અને તેનું ચુસ્તપણે પાલન કરાવવું.

(૫) યાંત્રિક સાધનો વડે સફાઈ કરનાર કર્મચારીઓને સેફટી માટેના તમામ સાધનો પૂરા પાડવાનું ધોરણ ફરજિયાત બનાવવું.

(૬) અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ સફાઈ કામગીરી વખતેજિલ્લા પંચાયત / તાલુકા પંચાયત / ગ્રામ પંચાયતના જવાબદાર અધિકારી, સુપરવાઈઝર સતત હાજર રહે તેવી તકેદારી રાખવી.

(૭) જિલ્લા પંચાયત / તાલુકા પંચાયત / ગ્રામ પંચાયતના મેનહોલ સફાઈ કામદારોને યાંત્રિક સાધનોનો વૈજ્ઞાનિક ઢબે ઉપયોગ કરવા બાબતે સમજ આપવા માટેના તાલીમ કાર્યક્રમો રાખવા. જો આ સંસ્થાઓ આવા તાલીમ કાર્યક્રમો પોતે ગોઠવી શકે તેમ ન હોય તો નગરપાલિકા નિયામકશ્રી ધ્વારા નજીકની નગરપાલિકા કે મહાનગરપાલિકામાં ગોઠવાતા આવા તાલીમ કાર્યક્રમોમાં પોતાના સફાઈ કામદારોને તાલીમ અર્થે મોકલવા.

(૮) અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજમાંથી જે સીલ્ટ (કાદવ) બહાર કાઢવામાં આવે તેને રોડ ઉપર મૂકી રાખવાને બદલે સીધો જ ટ્રેટમાં કાઢવામાં આવે અને કાર્ટિંગ સાઈટ પર લઈ જવામાં આવે તેવી સૂચના આપવી અને તેનો ચુસ્તપે અમલ કરાવવો.

(૯) ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ ધ્વારા કામદારોની મંડળીને તેઓ સ્વતંત્ર ધંધો કરી શકે તે માટે આર્થિક સહાય અને લોન આપવામાં આવે છે. આવી સફાઈ કામદારોની મંડળી દરેક જિલ્લા પંચાયત / તાલુકા પંચાયત / ગ્રામ પંચાયતે બનાવવા વિચારવું અને આવી મંડળીઓ બનાવી, રજિસ્ટર્ડ કરાવી, નિગમને દરખાસ્ત મોકલવી જેથી નિગમ આવી મંડળીઓ ડ્રેનેજ સફાઈમાં યાંત્રિક સાધનો ખરીદવા માટે સહાય અને લોન આપી શકે. જિલ્લા પંચાયત / તાલુકા પંચાયત / ગ્રામ પંચાયત આવી મંડળીને કામ આપી શકે જેનાથી આવા સફાઈ કામદારો અસ્વચ્છ ધંધામાંથી બહાર આવે અને પોતાના જીવનનિર્વાહ માટે જરૂરી રોજી મેળવી શકે.

**(૧૦) મેનહોલ ભરાઈ ન જાય અને ડ્રેનેજ લાઈન ચોક અપ ન થાય તે માટેની ગાઈડ લાઈન :–**

(૧) ચોમાસામાં વરસાદી પાણીનો નિકાલ સ્થાનિક રહીશો ધ્વારા ડ્રેનેજ લાઈનના મેનહોલના ઢાંકણાં ખોલીને કરવામાં આવતું હોવાનું ઘટનાઓ સરકારના ધ્યાને આવતી હોય છે. તેને લીધે માટી કીચડ, પ્લાસ્ટીક, પાંદડાં, કાગળીયા, કાંકરા વિગેરે બધા જ સોલીડ વેસ્ટ ડ્રેનેજ લાઈનમાં જાય છે અને ડ્રેનેજ લાઈન ચોકઅપ થાય છે. પંપીગનો ખર્ચ પણ વધે છે. આથી દરેક રોડ ઉપર સ્ટોર્મ વોટર ડ્રેળનુનસ અલગ જોગવાઈ કરવી. આ માટે કન્સલટન્ટ ધ્વારા વિસ્તારનો સર્વે કરી જ્યાં જ્યાં વધારાની સ્ટોર્મ વોટર ડ્રેઈનેજ નાંખવાની જરૂર હોય ત્યાં સ્ટોર્મ વોટર ડ્રેઈનેજ નવી નાંખવી, વરસાદી ઋતુ દરમ્યાન રસ્તા પર જો બિલ્ડીગ મટીરીયલ્સ પડી રહેલું જણાય તો જવાબદારો સામે કડક કાર્યવાહી જેમ કે,આવું મટીરીયલ્સ હટાવવાનો ખર્ચ અને દંડ વસૂલ કરવા.

(૨) ડ્રેનેજ લાઈનનું ડીસીલ્ટીગ ચોમાસાની શરૂઆત થાય તેના ત્રણ મહિના પહેલા (માર્ચ–એપ્રિલ–મે મહિનામાં) કરાવવામાં આવે છે તેના બદલે ચોમાસું પૂરું થાય કે તરત જ (ઓકટોબર, નવેમ્બર, ડિસેમ્બર) મહિનામાં અર્થાત શિયાળામાં જ કરાવી લેવું.

(૩) ડ્રેનેજ–સ્ટ્રોર્મ વોટર ડ્રેઈનમાં દર ૧૦૦ મીટરે વેન્ટીલેશન પાઈપ ફરજીયાત કરવો જેથી ગેસ મેનહોલમાં ભરાઈ ન રહે.

(૪) લાઈનો સાફ કરવા માટે જેટીગ મશીનનો ઉપયોગ કરવો જયારે મેનહોલ સાફ કરવા માટે ગલ્પર/ડીપ સકશન મશીનનો ઉપયોગ કરવો.

(૫) લાઈનમાં સામાન્ય ચોકીગ જણાતું હોય તો તેના વરમ તથા ભાલાપાના વગેરેનો ઉપયોગ કરી લાઈનોનું ચોકીગ દૂર કરી શકાય.

(૬) ગેરકાયદેસર કતલખાનાનો વેસ્ટ, હોસ્પિટલનો વેસ્ટ અને સ્ટ્રીટ વેન્ડર્સ (શેરી ફેરીયા) ધ્વારા સાંજે ફેંકી દેવામાં આવતો વેસ્ટ સામાન્ય રીતે ગટરમાં જતો હોય છે તેને અટકાવવા જરૂરી

હોય તેવા તમામ પગલાં લેવા અને આવા પગલાં લેવા માટે દરેક જિલ્લા/તાલુકા/ગ્રામ પંચાયતે બાંધકામ/સફાઈ અંગેના નિયમોમાં જરૂરી જોગવાઈ કરવી. વહીવટી ચાર્જ અને દંડ લેવાની તેમજ અતિગંભીર કેસોમાં ફોજદારી ફરિયાદ દાખલ કરવાની પણ જોગવાઈ કરવી.

(૭) દરેક ઘરની ગલી ટ્રેપ / ચેમ્બરમાં ફરજિયાત જાળીયા મુકાવવા, ગલી ટ્રેપની અંદર જાળી રખાવવી અને બાથરૂમમમાંથી કે ચોકડીમાંથી માટી, પ્લાસ્ટીક, કપડાના ડૂચા વિગેરે અંદર ન જાય તે માટે દર અઠવાડીયે એકવાર ગલીટ્રેપની જાળી સળીયાથી સાફ કરાવવી.

(૮) ઈન્ડસ્ટ્રીયલ ફેકટરીના દરેક આઉટલેટ પર ફાઈનલ ચેમ્બર પહેલાં સ્ક્રીન ચેમ્બર મુકવાની ફરજ પાડવી.

(૯) હોટલ, રેસ્ટોરન્ટ વિગેરે જેવી ખાદ્ય પદાર્થોની દુકાનોના આઉટલેટ ઉપર ગ્રીઝ ચેમ્બરની વ્યવસ્થા રાખવા માટે સંબંધિત હોટલ / રેસ્ટોરન્ટને ફરજ પાડવી. તે સિવાય હોટલ ચાલુ હોય તો સીલ કરવી. હોટલનો વેસ્ટ કચરાપેટી સુધી જાય તે અંગેની સઘળી વ્યવસ્થા રાખવા માટે પણ જે તે હોટલ / રેસ્ટોરન્ટને ફરજ પાડવી.

(૧૦) મેનહોલના ઢાંકણા વ્યવસ્થિત રીતે બંધ રહે તેની કાળજી રાખવી.

(૧૧) સ્થાનિક રહીશો કે કોઈ પણ સરકારી / અર્ધ–સરકારી સંસ્થાના સ્ટાફ મારફત વરસાદી પાણીના નિકાલ માટે ગટર લાઈનના મેનહોલમાં બાકોરા ન પાડવામાં આવે તેનું ધ્યાન રાખવું.

(૧૨) સુઅર જેટીંગ મશીન તથા બરેટ મશીનનો ઉપયોગ કરી લાઈનોનું રૂટીન (પ્રિવેન્ટીવ) મેઈન્ટેનન્સ કરવું.

(૧૩) મેનહોલના ઢાંકણ બદલતી વખતે તેમજ સ્થાનિક રહીશોને ગટર લાઈનમાં જોડાણ આપતી વખતે રોડાં, સીમેન્ટ, રેતી વિગેરે માલસામાન મેનહોલની અંદર ન જાય તેની કાળજી રાખવી તથા જાય તો તેને તાત્કાલિક બહાર કઢાવી લેવા.

(૧૪) મેનહોલમાં કરવામાં આવતા ગેરકાયદેસર કનેકશનો અટકાવવા

(૧૫) જૂની લાઈનોનો લાઈફ સાયકલનું એનાલીસીસ કરાવી જરૂર જણાય તો તેને બદલવા અને તેની ક્ષમતા વધારતી લાઈનો નાંખવી.

(૧૬) ડ્રેનેજ લાઈન વર્ષો જૂની હોવા અને વસ્તી વધારાના કારણે ઓવર લોડેડ બને છે તેને લીધે ઓવર ફ્લોના પ્રશ્નો થાય છે. આ માટે જરૂર પડે રીલીફ સુઅર નાંખવી જેથી ફરિયાદો ઓછી થાય અને મેન્ટેનન્સનો ખર્ચ પણ ઘટે.

(૧૭) ભવિષ્યમાં નવી નંખાનાર ગટર લાઈનો માટે વૈજ્ઞાનિક દષ્ટિકોણથી આવતા ૪૦–૫૦ વર્ષોનું આયોજન કરી તેની ડીઝાઈન વિ.નિષ્ણાંત પાસે તૈયાર કરાવ્યાં બાદ જ નાંખવામાં આવે તેની ખાસ કાળજી રાખવી.

(૧૮) ડ્રેનેજ લાઈન ઉપરાંત ખાળકૂવાની સફાઈ કામગીરી દરમ્યાન પણ ગેસના કારણે સફાઈ કામદારના મૃત્યુ થતાં હોવાનું જોવા મળેલ છે. જેથી દરેક જિલ્લા/તાલુકા/ગ્રામ પંચાયતે બાંધકામ નિયમો / પેટા નિયમોમાં આ માટે યોગ્ય જોગવાઈ કરવી અને ખાળકુવા સફાઈ માટે પણ યાંત્રિક સાધનોનો જ ફરજીયાત ઉપયોગ થાય તે સુનિશ્ચિત કરવું.

## (૧૯) સફાઈ કામદારો માટે જીવનવીમો ઉતારવા બાબતે ખાસ સૂચના :–

"ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહબીલીટેશન એક્ટ–૨૦૧૩, તા.૧૯/૯/૨૦૧૩ તથા ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહબીલીટેશન રૂલ્સ–૨૦૧૩, તા.૧૨/૧૨/૨૦૧૩" માં સફાઈ કામદારો માટે રકમ રૂ.૧૦.૦૦ લાખના વીમાની જોગવાઈ રાખવામાં આવેલ છે. માટે જો સફાઈ કામનો કોન્ટ્રાકટ સ્થાનિક સંસ્થા ધ્વારા કોઈ એજન્સી કે કોન્ટ્રાકટરને આપવામાં આવેલ હોય તો સંબંધિત કોન્ટ્રાકટર ધ્વારા રૂ.૧૦.૦૦ લાખનો વીમો સફાઈ કર્મચારીદીઠ લેવો જરૂરી છે તેવી જોગવાઈ આવા કોન્ટ્રાક્ટમાં અચૂક કરાવવી.

ઉક્ત સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે મુજબનો અહેવાલ વિકાસ કમિશ્નરશ્રી / જિલ્લા વિકાસ અધિકારીશ્રીની સહીથી આ વિભાગને સમયાંતરે મોકલવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પુ. મુ. પઠાણ)
ઉપ સચિવ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- અગ્રસચિવશ્રી (પં.) નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી(ગ્રામ વિકાસ) પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ કલ્યાણ, ગાંધીનગર
- સંયુકત નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
- સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર
- શાખા સિલેકટ ફાઈલ

**"ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહબીલીટેશન એકટ તથા તે હેઠળ બનેલા નિયમો-૨૦૧૩" અન્વયે જિલ્લા/તાલુકા કક્ષાની તકેદારી સમિતિની રચના, તેના કાર્યો, ફરજો અને સત્તા બાબત.**

ગુજરાત સરકાર
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
પરિપત્ર ક્રમાંક : ટીસીએસ/૧૦૨૦૧૪/૭૦૩૨૨/લ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૦/૧૦/૨૦૧૪

**વંચાણે લીધા :**

(૧) ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહબીલીટેશન એકટ-૨૦૧૩, તા.૧૯/૯/૨૦૧૩ તથા ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહબીલીટેશન રૂલ્સ-૨૦૧૩, તા.૧૨/૧૨/૨૦૧૩

(૨) મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે મળેલ તા.૩/૨/૨૦૧૪ ની સમીક્ષા બેઠકની કાર્યવાહી નોંધ

**પરિપત્ર :-**

સને ૨૦૧૧ ની વસ્તી ગણતરીમાં સમગ્ર દેશમાં ૯.૨૯ લાખ અસ્વચ્છ શૌચાલયો અને ગુજરાતમાં ૩૨,૬૯૦ અસ્વચ્છ શૌચાલયો હોવાનું જણાયેલ છે. આ બાબત ધ્યાને લઈ ભારત સરકાર ધ્વારા મેન્યુઅલ સ્કેવેન્જર્સ એકટ-૧૯૯૩ ને રદ કરી, મેન્યુઅલ સ્કેવેન્જર્સની પ્રથા જડમૂળમાંથી નાબૂદ કરવા વધુ અસરકારક જોગવાઈઓ સાથે વંચાણે લીધેલ (૧) માં દર્શાવેલ **" ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહબીલીટેશન એકટ-૨૦૧૩, તા.૧૯/૯/૨૦૧૩ તથા ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહબીલીટેશન રૂલ્સ-૨૦૧૩, તા.૧૨/૧૨/૨૦૧૩ "** નવા કાયદા/નિયમો બનાવેલ છે. સદરહુ એકટના અસરકારક અમલીકરણ માટે રાજય સરકારે જુદા જુદા વિભાગો/ખાતાઓના વડાઓની મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં તા.૩/૨/૨૦૧૪ ના રોજની સમીક્ષા બેઠકમાં લેવામાં આવેલ નિર્ણયો અનુસાર રાજયમાં જિલ્લા અને તાલુકા કક્ષાએ તકેદારી સમિતિની રચના કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે જે અન્વયે પંચાયત વિભાગ હેઠળ જિલ્લા / તાલુકા કક્ષાની નીચે મુજબની તકેદારી સમિતિની રચના કરવામાં આવે છે.

## (૧) જિલ્લા કક્ષાની તકેદારી સમિતિ (જિલ્લા પંચાયતના વિસ્તાર માટે) :–

| | | |
|---|---|---|
| ૧ | કલેકટરશ્રી | અધ્યક્ષદ (હોદ્દાની રૂએ) |
| ૨ | જિલ્લામાંથી રાજ્ય વિધાનસભામાં ચૂંટાયેલ અનુસૂચિત જાતિના સભ્યશ્રી<br>જો જિલ્લામાંથી અનુસૂચિત જાતિના આવા સભ્ય ચૂંટાયેલ ન હોય તો રાજ્ય સરકાર બીજી જાતિના જિલ્લામાંથી ચૂંટાયેલ બે સભ્યોની નિમણૂંક કરી શકશે. | સભ્યશ્રી |
| ૩ | જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી | સભ્યશ્રી (હોદ્દાની રૂએ) |
| ૪ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી | સભ્યશ્રી (હોદ્દાની રૂએ) |
| ૫ | મેન્યુઅલ સ્કેવેન્જર્સના પ્રતિબંધ તથા પુનઃવસન માટે કામગીરી કરનાર સામાજિક કાર્યકર – ૪ કરતાં વધુ નહી જેમાં ૨–સભ્યો મહિલાઓ હશે અને તેઓની નિમણૂંક જિલ્લા કલેકટરશ્રી કરશે. | સભ્યશ્રી |
| ૬ | જિલ્લામાં કામગીરી કરનાર – ૧ સભ્ય – તેઓની નિમણૂંક જિલ્લા કલેકટરશ્રી કરશે. | સભ્યશ્રી |
| ૭ | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી | સભ્ય સચિવશ્રી (હોદ્દાની રૂએ) |
| ૮ | મેન્યુઅલ સ્કેવેન્જર્સ એકટ–૨૦૧૩ ના અસરકારક અમલ માટે રાજય દ્વારા નિયુકત જિલ્લા કક્ષાના અધિકારી કે એજન્સી જેની નિમણૂંક જિલ્લા કલેકટરશ્રીના અભિપ્રાય અનુસાર કરવામાં આવશે. | સભ્યશ્રી |

## (૨) તાલુકા કક્ષાની તકેદારી સમિતિ (જિલ્લા પંચાયતના વિસ્તાર માટે) :–

| | | |
|---|---|---|
| ૧ | પ્રાંત અધિકારીશ્રી | અધ્યક્ષ (હોદ્દાની રૂએ) |
| ૨ | તાલુકા વિકાસ અધિકારીશ્રી | સભ્યશ્રી (હોદ્દાની રૂએ) |
| ૩ | નાયબ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી | સભ્યશ્રી (હોદ્દાની રૂએ) |
| ૪ | તાલુકામાં આવેલ રેલ્વે ઓથોરીટીના નિયુકત પ્રતિનિધિ–૧ | સભ્યશ્રી (હોદ્દાની રૂએ) |
| ૫ | મેન્યુઅલ સ્કેવેન્જર્સના પ્રતિબંધ તથા પુનઃવસન કરવા માટે કામગીરી કરનાર સામાજિક કાર્યકર કે તાલુકામાં રહેતા સ્કેવેન્જર્સ કોમ્યુનીટીનું પ્રતિનિધિત્વ કરનાર સભ્યશ્રી– ૨ કરતાં વધુ નહી જેમાં ૧–સભ્ય મહિલા હશે અને તેઓની નિમણૂંક જિલ્લા કલેકટરશ્રી કરશે. | સભ્યશ્રી |
| ૬ | તાલુકામાં આવેલ નાણાંકીય અને ધીરાણ સંસ્થાઓમાં કામગીરી કરનાર – ૧ સભ્ય – તેઓની નિમણૂંક પ્રાંત અધિકારીશ્રી કરશે. | સભ્યશ્રી |
| ૭ | તાલુકા સમાજ કલ્યાણ અધિકારી | સભ્ય સચિવશ્રી (હોદ્દાની રૂએ) |
| ૮ | મેન્યુઅલ સ્કેવેન્જર્સ એકટ–૨૦૧૩ ના અસરકારક અમલ માટે રાજય દ્વારા નિયુકત તાલુકા કક્ષાના અધિકારી કે એજન્સી જેની નિમણૂંક પ્રાંત અધિકારીશ્રીના અભિપ્રાય અનુસાર કરવામાં આવશે. | સભ્યશ્રી |

ઉપરોક્ત જિલ્લા કક્ષાની તકેદારી સમિતિ તથા તાલુકા કક્ષાની તકેદારી સમિતિએ નીચે મુજબના કાર્યો / ફરજો બજાવવાના રહેશે :

**કાર્યો અને ફરજો :–**

(૧) જિલ્લા કક્ષાની સમિતિના કિસ્સામાં જિલ્લા કલેક્ટરશ્રીને અને તાલુકા કક્ષાની સમિતિના કિસ્સામાં પ્રાંત અધિકારીશ્રીને આ એક્ટ અને તે હેઠળના નિયમોના અમલીકરણ માટે જરૂરી સલાહ / સૂચનો આપશે.

(૨) જિલ્લા / તાલુકાના મેન્યુઅલ સ્કેવેન્જર્સના આર્થિક અને સામાજિક પુનઃવસન માટે એક્ટ/નિયમો મુજબની કાર્યવાહી કરશે.

(૩) જિલ્લા / તાલુકાના મેન્યુઅલ સ્કેવેન્જર્સના પુનઃવસન માટે કાર્ય કરતી તમામ એજન્સીઓ / વિભાગો / ઓફિસોના કાર્યોનું વ્યવસ્થિત સંકલન કરશે.

(૪) મેન્યુઅલ સ્કેવેન્જર્સ એક્ટ તથા નિયમો હેઠળના વિવિધ પ્રકારના ગુનાઓની નોંધણી તથા તેની તપાસ વિગેરેની કામગીરી કરશે. આ ઉપરાંત આ એક્ટ અને તે હેઠળના નિયમોમાં પણ પ્રતિબંધિત પ્રવૃત્તિ ન થાય તે માટે દેખરેખ રાખશે.

(૫) ઈનસેનેટરી લેટ્રીન્સના સર્વેને લગતી તમામ પ્રકારની કામગીરીનું મોનીટરીગ કરશે. નિર્મળ ભારત અભિયાન જેવી યોજનાઓની મદદથી બાકી ટોઈલેટ બાંધકામની કામગીરી, તેને લગતા પ્રચાર/પ્રસાર તથા લોકસૂચનો મેળવી અસરકારક અમલીકરણની કામગીરી કરશે.

(૬) મેન્યુઅલ સ્કેવેન્જર્સને અન્ય બીજા લાભદાયી વ્યવસાયોમાં પુનઃવસન માટેની યોજનાઓમાં સમાવેશ કરવા અંગેની કાર્યવાહી અને તેના અસરકારક અમલ થાય તે અંગે દેખરેખ રાખશે.

(૭) ડબ્બા જાજરૂઓને સજળ જાજરૂમાં ફેરવવા માટે સજળ જાજરૂ બાંધકામ અને તેની નિભાવણી માટે જિલ્લા વહીવટીતંત્રનો સહકાર મેળવશે.

(૮) જિલ્લા/તાલુકાઓમાં આવેલ મેન્યુઅલ સ્કેવેન્જર્સના પુનઃવસનને લગતી કામગીરી કરનાર સ્વૈચ્છિક સંસ્થાઓ(એન.જી.ઓ.) ની મદદથી અવરનેસ કેમ્પેઈનનું (જનજાગૃતિ માટેની ઝુંબેશ)નું આયોજન કરશે.

(૯) મેન્યુઅલ સ્કેવેન્જર્સની કાર્યશૈલી તેમજ જીવનધોરણ ઉચ્ચતર બને તથા તેમાં સુધારો આવે તે માટે તાલીમ કાર્યક્રમોનું નિરીક્ષણ કરવાનું કાર્ય તથા તે માટેનાં અસરકારક પગલાં લેશે.

(૧૦) જિલ્લા કક્ષાની સમિતિએ પ્રતિ બે માસે ઓછામાં ઓછું એક વખત મળીને અને તાલુકા કક્ષાની સમિતિએ પ્રતિ માસ ઓછામાં ઓછું એક વખત મળીને આ એક્ટ તથા તે હેઠળના નિયમો મુજબની કામગીરી અસરકારક રીતે થાય છે કે કેમ તે અંગેની સમીક્ષા કરવાની રહેશે.

(૧૧) સરકારશ્રી ધ્વારા ઉપરોક્ત જણાવેલ એક્ટ અને તે હેઠળ બનાવવામાં આવેલ નિયમોના અનુસંધાને જે પણ અન્ય કામગીરી સોંપવામાં આવે તે તમામ પ્રકારની કામગીરી કરશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(યુ. યુ. પઠાણ)
ઉપ સચિવ,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

– અગ્રસચિવશ્રી (પં.) નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
– અગ્રસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
– અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
– નાયબ સચિવશ્રી, ગ્રામ વિકાસ, પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
– વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
– નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
– નિયામકશ્રી, સમાજ કલ્યાણ, ગાંધીનગર
– સંયુક્ત નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર
– મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
– સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
– સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
– સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર
– શાખા સિલેક્ટ ફાઈલ